# અભિનયગીતો



લેખન - સંકલન

## શ્રી લાલજીભાઇ બી.પંચાલ.

મ. શિક્ષક

## શ્રી હાથીપુરા પ્રા.શાળા.

## તા- દસાડા, જિ-સુરેન્દ્રનગર.

તાલી પાડો ..

તાલી  પાડો  તાલી     (૨)

ઊંઘમાંથી  જાગી ગયો રે ..કાનુડો રિસાઈ ગયો રે ...

તાલી પાડો તાલી..

ગોપીઓ તેડાવો ,  ગાયો દોહરાવો (૨)

કાનુડાને દૂધલડા પિવરાવો રે .. કાનુડો  રિસાઈ ...

તાલી પાડો ..

ગોપીઓ તેડાવો,  છાશ ઝેરાવો (૨)

કાનુડાને માખણીયા ખવડાવો રે .. કાનુડો રિસાઈ ગયો રે ..

તાલી  પાડો ...

ગોપીઓ  તેડાવો ,  ઢોલક વગડાવો (૨)

વનરાવન માં  રાસ રચાવો  રે..   કાનુડો રિસાઈ ગયો  રે..

તાલી પાડો .....

ગોળુડો ઘાટ.

ગોળુંડો ઘાટ ભાઈ ગોળુંડો ઘાટ

આજુ-બાજુ ચારે કોર ગોળુડો ઘાટ (૨)

સૂરજદાદાનો ભાઈ ગોળુડો ઘાટ

પૂનમનાં ચંદાનો ગોળુડો ઘાટ..

ગોળુડો ઘાટ ભાઈ ..

પીળી નારંગીનો ગોળુડો ઘાટ

રમવાનાં દડાનો ગોળુડો ઘાટ ..

ગોળુડો ઘાટ ભાઈ ..

આપણી આ પૃથ્વીનો ગોળુડો ઘાટ

ભાઈલાનો મોઢાનો ગોળુડો ઘાટ..

ગોળુડો ઘાટ ભાઈ..

## પેલાં... પેલાં .....(૨)

પેલાં પેલાં.. (૨) પેલાં મોરલાને જોઈ મને થાય

એનાં જેવું જો રૂપ મળી જાય,

બસ નાચ્યા કરું , બસ નાચ્યા કરું ..

પેલાં પેલાં.. (૨) પેલાં વાદળાંને જોઈ મને થાય.

એનાં જેવું જો રૂપ મળી જાય ..

બસ વરસ્યા કરું , બસ વરસ્યાં કરું ..

પેલી પેલી.. (૨) પેલી કોયલને જોઈ મને થાય

એનાં જેવો જો કંઠ મળી જાય...

બસ ગાયાં કરું ,બસ ગાયાં કરું ..

પેલી પેલી..... (૨) પેલી ચકલી ને જોઈ મને થાય

એનાં જેવી જો પાંખ મળી જાય..

બસ ઉડ્યા કરું , બસ ઉડ્યા કરું ..

પેલી પેલી..... (૨) પેલી પરી ને જોઈ મને થાય ..

એનાં જેવું જો રૂપ મળી જાય ..

મોજ માણ્યા કરું , મોજ માણ્યા કરું .

# આવને મારી બા

આવને મારી બા .. , લાવને મારું ભાત ..(૨)

મારે જાવું ખેતરિયે બનવા જગનો તાત...

મારા હાથ માં કોદાળી શોભતી રે..

ગોળ ખાડા બનાવવા મને ગમતા રે ..

લીંબુ, ચીકુને, દાડમ મારે રોપવા રે......... આવને મારી બા...

મારા હાથમાં દાતરડી શોભતી રે..

જાર-બાજરો વાઢવા મને ગમતાં રે..

કામ કર્યા પછી મારે જમવું રે............ આવને મારી બા ..

વન-વન નાં પંખેરું મને શોધે રે..

હોલો કાબરને ચકલો મને શોધે રે...

ઓલો મોર મને સાદ કરી શોધે રે....... આવને મારી બા....

ગોરી ગોરી ગાવલડી મારે ચારવી રે ....

નદી નાળા નાં ગીત મારે ગાવા રે...

દૂધ રોટલોને દહી મારે ખાવા રે........... આવ ને મારી બા...

# રૂમઝુમ રૂમઝુમ

રૂમઝુમ રૂમઝુમ રૂમઝુમ રૂમઝુમ દોડે સસલાં , દોડે સસલાં ...(૨)

એ રૂપાળાં રૂપાળાં , એ લાગે સૌને વ્હાલાં ...

લાલ-લાલ ઝીણી આંખો જાણે મોતી દાણા...

થનગન થનગન થનગન થનગન, નાચે મોરલા , નાચે મોરલાં ..

એ રૂપાળાં રૂપાળાં .. એ લાગે સૌને વ્હાલાં ...

એ ટેહુક –ટેહુક કરે ત્યારે આવે મેઘ રાજા..

રૂમઝુમ રૂમઝુમ રૂમઝુમ રૂમઝુમ દોડે હરણાં દોડે હરણાં..

એ રૂપાળાં રૂપાળાં .. એ લાગે સૌને વ્હાલાં...

એ ટેહૂક –ટેહૂક કરે ત્યારે આવે મેઘ રાજા ...

# એક મારી ઢીંગલીને

એક મારી ઢીંગલીને એવી સજાવું ,

બે એનાં કાન માં બુટ્ટી પહેરાવું ,

ત્રણ એની નથડી માં હીરા જડાવું ,

ચાર એનાં હાથ માં ચૂડી પહેરાવું ,

પાંચ એની આંગળી માં વીટી પહેરાવું ,

છ એની વેણી માં ફૂલો ગૂંથાવું ,

સાત એની ચૂંદડી માં રંગો પૂરાવું ,

આઠ એની ઘાઘરી માં મોર ચિતરાવું ,

નવ એની ઝાંઝરી માં ઘૂઘરી મેલાવું ,

દશ દશેરા એ ગરબે ઘુમાવું..

## રમતાં રમતાં રે ..

રમતાં રમતાં રે ... હે.. ઢીંગલી ખોવાણી .
રમવાનાં રસમાં રે , હે.. ઢીંગલી ખોવાણી .

બજારમાં જાઉં ત્યારે સાથે લઇ ઘૂમતી ,
સખીઓ સંગાથે સાથ દઈ રમતી ..
ભૂલથી અજાણતાં રે .... હે... ઢીંગલી ખોવાણી...
રમતાં રમતાં રે...

ઘરે જ્યાં જાઉં ત્યાં તો મમ્મી ધમકાવતી ,
પપ્પાની આંખો તો મુજને બીવડાવતી ,
અંધારી રાતમાં રે .. હે .. ઢીંગલી ખોવાણી ...
રમતાં રમતાં રે....

ઘરનાં ખૂણે –ખૂણે એને શોધતી ..
ગાદલાં તપાસીને ઓશીકાં ઉલાળતી ..
પેટીની પાછળ રે .. હે.. ઢીંગલી ખોવાણી...
રમતાં રમતાં રે....

તમે ઓરા આવોને..

તમે ઓરા આવોને અહીં .. મારે કહેવું છે કાનમાં કઈ

બીજાં કોઈ સાંભળી જાયે નઈ , વાત મારી કોઈને કહેશો નઈ .

મુંબઈથી મારે ઘેર મહેમાન આવ્યાં..

સરસ મજાના રમકડાં લાવ્યાં .

તમને ખબર છે કે નઈ , વાત મારી કોઈને કહેશો નઈ..

તમે ઓરા આવોને..

જમવામાં ભજીયાને ચૂરમાનાં લાડવા .

તીખાં-તીખાં દાળ-શાક તીખાં-તીખાં અથાણાં.

મેં તો લગીરે ખાધું નઈ.. વાત મારી કોઈને કહેશો નઈ..

તમે ઓરા આવોને ...

ઘોડાગાડીમાં ફરવાને ગ્યાતાં ..

સરોવર બંદર જોવાને ગ્યાતાં ..

તમને ખબર છે કે નઈ.. વાત મારી કોઈને કહેશો નઈ..

તમે ઓરા આવો ને ....

સિનેમા જોવા ગ્યાતાં છેલ્લાં રે શો માં..

મને કાંઈ સમજણ પડે નઈ એમાં..

હું'તો ખુરશીમાં ઊંઘી ગઈ .... વાત મારી કોઈને કહેશો નઈ ..

તમે ઓરા આવો ને ...

પીપુડીવાળાંનો પેલો ..

પીપુડીવાળાંનો પેલો તનમનિયો (૨) એ તો ચોરી ગયો.. કેરીનો કરંડિયો

કેરી ખવાય છે, ગોટલાં ફેકાય છે, ચોરી પકડાય છે.

મનમાંને મનમાં મારો તનમનિયો મૂઝાય છે.

પીપુડીવાળાનો પેલો તનમનિયો (૨) એ તો ચોરી ગયો ..ચીકુનો કરંડિયો

ચીકુ ખવાય છે, ઠળિયા ફેકાય છે, ચોરી પકડાય છે.

મનમાં ને મનમાં મારો તનમનિયો મુઝાય છે.

પીપુડીવાળાંનો પેલો તનમનિયો (૨) એ તો ચોરી ગયો ..બોરાંનો કરંડિયો

બોરાં ખવાય છે , ઠળિયા ફેકાય છે, ચોરી પકડાય છે.

મનમાંને મનમાં મારો તનમનિયો મુઝાય છે.

પીપુડીવાળાંનો પેલો તનમનિયો (૨) એ તો ચોરી ગયો.. કેળાંનો કરંડિયો,

કેળાં ખવાય છે , છાલો ફેકાય છે , ચોરી પકડાય છે.

મનમાં ને મનમાં મારો તનમનિયો મુઝાય છે. (૩)

# હુલુંલુલું  હાલરડું...

હુલુંલુલું  હાલરડું , ભાઈનાં માથે  ચાંદરડું ..
ચાંદરડું તો  ચમકતું  ભાઈનું  મોઢું  મલકતું ..

ધીમું  પારણું  ઝૂલતું તું , માથે  ફૂમતુ  ફરતું તું .
બેનનું ગાણું  ગુંજતુંતું .....            હુલુંલુલું  હાલરડું...

ભઈલો  મારો  ડાહ્યો ..પાટલે  બેસી  નાહ્યો .
પાટલો  ગયો  ખસી.. , ભઈલો પડ્યો  હસી .
હુલુંલુલું ..હાલરડું .....

પારણે  બેઠો   મોરલો ,  ભાઈનો  જાણે  ઘોડલો ,
ઘોડલા જજે  દૂર દેશ , દાદાજીનાં  દરિયાદેશ..
હુલુંલુલું..  હાલરડું ....

મામાનું  ઘર  કેટલે ?   દીવો   બળે  એટલે .
દીવો  મેં  તો  દીઠો , ભઇલો  મારો  મીઠો .
હુલુંલુલું ...હાલરડું .....

# રંગીલા પતંગિયા ..

રંગીલા .. રંગીલા ... રંગીલા ..પતંગિયા ...
આઆઆ.... ઓઓઓ ... ઓઓઓ ...પતંગિયા .

આભમાં ઉડતાંને હાથમાં ન આવતાં ,
પકડવાં જાઉં ત્યાં તો ઉડી ઉડી જાતાં ,
મન મારું મોહી લેતા રે પતંગિયા ...
રંગીલા .. રંગીલા ..

બાળકોનાં બાગમાં રમવાને આવતાં ,
દોડાવી દોડાવી થકવી એ નાખતાં ,
મન મારું મોહી લેતાં રે પતંગિયા ...
રંગીલા .. રંગીલા ...

# નહિ જાઉં રે માં ...

નહિ જાઉં રે માં , નહિ જાઉં રે માં ..

ગાવલડી ચારવાને જશોદા માવડી ..

મને ટાઢો તે રોટલો ખવડાવે (૨)

મને ખાટી છાશલડી પીવડાવે ....

નહિ જાઉં રે માં ...

મને ગાયોનાં ધણમાં રખડાવે (૨)

મને ટાઢા તે પાણીએ નવડાવે ....

નહિ જાઉં રે માં ...

હું નદી એ જાઉં ત્યાં નીર ગાજે (૨)

મને મગર-મચ્છોની બીક લાગે ....

નહીં જાઉં રે માં ...

મને કાળીયો કાળીયો બોલે છે. (૨)

પેલી ગોપીયો મેણાં મારે છે...

નહીં જાઉં રે માં ...

## બેટી હૂં મૈં બેટી ....

બેટી હૂં મૈં બેટી .. મૈં તારા બનૂંગી ..
તારા બનૂંગી , સહારા બનૂંગી ... બેટી હૂં ..

ગગન પે ચમકે ચંદા મૈં ધરતી પે ચમકૂંગી ..
ધરતી પે ચમકૂંગી મૈં ઉજિયારા કરુંગી ..
બેટી હૂં મૈં ...

પઢૂંગી લિખૂંગી મૈં મેહનત કરુંગી ..
અપને પાંવ ચલકે મૈં દુનિયા કો દેખૂંગી ..
દુનિયાકો દેખૂંગી મૈં દુનિયા કો સમઝૂંગી ..
બેટી હૂં મૈં ...

ફૂલ જૈસી સુંદર મૈં બાગો મૈં ખિલૂગી ..
તિતલી બનૂંગી મૈં હવા કો ચૂમૂગી ..
હવા કો ચૂમૂંગી , નાચૂંગી ગાઉંગી ..
બેટી હૂં મૈં ..

ચકલીબાઈનાં માળા ...

પેલાં ચકલીબાઈ એ માળા બાંધ્યા ઢંગ વગરનાં ..(૨)

પેલાં દરજીડાને સુગરીબાઈનાં કેવા મજાના ? પેલાં .....

ઝાડે ખિસકોલીએ માળા બાંધ્યા કેવાં મજાના ? (૨)

કાબર ,કબૂતરને ઘુવડ વળી કાગડાં કોયલના .. પેલાં.....

પેલાં ઊંદરભાઈ એ દર ખોદ્યા કેવા મજાના ?.. (૨)

સાપે પેસી જઈને રાફડા કર્યા હક્ક વગરનાં ... પેલાં....

કીડી મકોડીએ દરનાં કર્યા નગર મજાના ....(૨)

પેલાં વાંદરાભાઈ તો રખડ્યા કરે ઘર વગરનાં ....પેલાં...

પેલી મધમાખીએ મધનાં કર્યા પૂડા મજાના ...(૨)

પેલાં કરોળિયાએ લાળનાં કર્યા જાળાં મજાનાં .... પેલાં ....

- રમણલાલ સોની

પંખી બની ઊડી જઈએ ...

પંખી બની ઊડી જઈએ (૨)

હો.. હો... ચાંદામામાનાં દેશમાં ...

રૂપેરી પરીઓનો દેશ ચાંદામામા (૨)

પરી બની વસી જઈએ (૨) હો..હો.. ચાંદામામાનાં દેશમાં ..

પંખી બની ઊડી જઈએ .....

રૂપેરી વાદળાંનો દેશ ચાંદામામા (૨)

વાદળી બની ઢળી જઈએ (૨) હો..હો... ચાંદામામાનાં દેશમાં

પંખી બની ઊડી જઈએ...

ટમટમતાં તારલાંનો દેશ ચાંદામામા (૨)

તારલાં બની ચમકી જઈએ (૨) હો..હો... ચાંદામામાનાં દેશમાં..

પંખી બની ઊડી જઈએ....

## સૂંડલાવાળી ....

એક સૂંડલાવાળી આવી રે ... કોઈ ફરફરિયાં લ્યો ...(૨).

સસ્સા સાં રેસા રેસા.. (૨) સા રે ગા માં (૨)..

એણે નાકમાં પહેરી નથણી (૨)

અંતરનું જંતરીયુ વાગે .. હો..હો... (૨)...

સસ્સા સાં રેસા .....

એણે કાનમાં પહેરી બુટ્ટી ...(૨)

અંતરનું જંતરીયુ વાગે .. હો..હો ...(૨).

સસ્સા સાં રેસા .....

એણે હાથમાં પહેર્યા કંકણ ... (૨)

અંતરનું જંતરીયુ વાગે ...હો..હો... (૨)

સસ્સા સા રેસા....

એણે પગમાં પહેર્યા ઝાંઝર (૨)

અંતરનું જંતરીયુ વાગે .. હો..હો.. (૨)

સસ્સા સાં રેસા ....

જાડો પાડો લીંબડો ..

એક જાડો પાડો લીંબડો

એ તો લંગડી રમવા આવે તો , મજાપડે ભાઈ મજાપડે.

એક આભમાં ચમકે તારલિયાં

એ તો નીચે ઉતરી આવે તો મજાપડે ભાઈ મજાપડે.

એક મારી નિશાળનો કાનુડો ,

એ તો માખણ ખાવા આવે તો , મજાપડે ભાઈ મજાપડે .

એક મારા શોકેસની ઢીંગલી ,

એ તો ગરબે રમવા આવે તો મજાપડે ભાઈ મજાપડે .

એક મારી નિશાળનાં બાલુડાં ,

એ તો રોજ રોજ ભણવા આવે તો મજાપડે ભાઈ મજાપડે .

એ તો રોજ રોજ લેશન લાવે તો મજાપડે ભાઈ મજાપડે .

## કરીએ સ્વાગત ...

કરીએ સ્વાગત પણ લાગે અધૂરાં(૨) અમે રહ્યા નાનાં-નાનાં બાળ મધૂરાં(૨)

કેવાં દિપી રહ્યાં છે અમ આંગણા ? મોઘાં મહેમાનનાં થયાં પધરામણા
આવ્યાં આનંદથી આજ,લેવાં અનેરો લાભ,સૌનાં દિલડા થનગન નાચી રહ્યાં
કરીએ સ્વાગત ...

નથી સ્વાગતમાં ફૂલડાં ગુલાબનાં.. આ તો સુખડ મોતીનાં હારલાં ..
મારાં અંતર ઉદગાર પ્રેમે કરજો સ્વીકાર એ જ મનડાંની શુભમનોકામના
કરીએ સ્વાગત ....

આજ ઊગી છે ઉષા સોનેરી.. હૈયે ઊગી છે ઉર્મિઓ અનેરી ..
સ્નેહે સ્વાગત કરીએ આજ હોંશે રમીએ..એવાં આનંદે આંગણા દીપાવનારાં
કરીએ સ્વાગત ...

એવાં સરસ્વતી અહી બિરાજે , દેવા શાળામાં જ્ઞાન-દાન કાજે .
મારા નૈનો નીરખે મારું હૈયું હરખે.. ચારે દિશાએ ગગન ગજવનારા ...
કરીએ સ્વાગત ...

મોરલો રમે ...

મારા આંગણામાં આવી મોરલો રમે ..

એને સોનેરી પાંખ , એને રૂપેરી આંખ ,

એ તો છુમ-છુમ નાચતો સૌને ગમે ....

મારા લીમડાંની ડાળે કોયલ રમે ,

એને કાળો છે રંગ , એનો મીઠો છે કંઠ ,

એ તો કૂ..ઉ કૂ..ઉ.. બોલતી સૌને ગમે...

મારા બારણાંમાં આવી ચકલી રમે ,

એને નાની છે આંખ , એણે ઝીણી છે ચાંચ ,

એ તો ટોડલે ઠેકતી સૌને ગમે ..

મારાં બારણાંમાં બેઠી બબલી હસે .

એને માથે છે તાલ , એને ગોરા છે ગાલ ,

એ તો ખી- ખી હસતી સૌને ગમે ..

# આજ તો મારાં મોટાબેન ..

આજ તો મારાં મોટાબેન , ફુગ્ગા લાવ્યાં ચાર... (૨)

એક તો મારા દિનેશભાઈનો , બીજો મારાં લીલાબેનનો ..

ત્રીજો મારાં રમેશભાઈનો , ચોથો મારાં ચકુબેનનો..

આજ તો મારા ....

દિનેશભાઈનો ફુગ્ગો ફૂલ્યો કાકડી જેવો ભાઈ (૨)

લીલાબેનનો ફુગ્ગો ફૂલ્યો દડા જેવો ભાઈ (૨)

રમેશભાઈનો ફુગ્ગો ફૂલ્યો દૂધી જેવો ભાઈ (૨)

ચકુબેનનો ફુગ્ગો ફૂલ્યો ફટ ફટ ભાઈ (૨)

આજ તો મારા ....

દિનેશભાઈ તો નાચવા લાગ્યાં ,

લીલાબેન તો દોડવા લાગ્યાં ,

રમેશભાઈ તો હસવા લાગ્યાં ,

ચકુબેન તો રડવા લાગ્યાં.. એ ...એ..એ... (૨)

આજ તો મારા ...

## ખાતી નથી .. પીતી નથી...

ખાતી નથી, પીતી નથી, ઢીંગલી મારી બોલતી નથી ,

બોલ બા ! કેમ બોલાવું ? એને કેમ બોલાવું ?

ઘંટીને ઘૂઘરો આપું છું રમવાં, સોનાનાં પાટલે બેસાડું જમવાં ,

તો પણ તે જમતી નથી (૨) બોલ બા ! કેમ ....

ડોલમાં બેસાડી એને નવડાવું , ચંપાનાં ફૂલની વીણી ગૂંથાવું ,

તો પણ તે બોલતી નથી (૨) બોલ બા ! કેમ .

પહેરાવું ઝાંઝરીને રેશમનું ઝબલું , છુમ-છુમ નાંચુંને વગાડું ડબલું ,

તો પણ તે નાચતી નથી (૨) બોલ બા ! કેમ ..

પંખી બતાવું ડાળીએ ઝૂલતા , મેનાં પોપટને મોરલાં ટહુકતાં ,

તો પણ તે બોલતી નથી (૨) બોલ બા ! કેમ ...

ચાંદામામા તો આકાશે ઉડતાં , બાબાગાડીમાં ઢીંગલીબેન ફરતાં ,

તો પણ તે બોલતી નથી, હવે મારે પણ બોલવું નથી ...

બોલ બા ! કેમ બોલાવું ...

# જૂના વરસને વિદાય..

બગલમાં બચકુંને , ટાલકામાં ટોપલી ,
પગમાં જૂના જૂતાં પહેરી પંડિત ચાલ્યા જાય છે.
મૂળા જેવી મૂંછ એની ગાગર જેવી ફાંદ છે.
ચક્ષુએ ચશ્માં ચડાવી પંડિત ચાલ્યા જાય છે.
નાની એવી પોતડીને મેલું-મેલું અંગરખું ,
ઠચૂક ઠૈયા કરતાં –કરતાં પંડિત ચાલ્યા જાય છે ,
ખિસ્સામાંથી ડબ્બી કાઢી છીકણી લેતા જાય છે ,
ગટર જેવાં નાકમાં સડાકા લેતા જાય છે ,
છીકો ખાતાં જાય છે .... પંડિત ચાલ્યા જાય છે .
આંબા ઉપર કેરી દેખી પંડિત લેવાં જાય છે.
તડાક કરતી કેરી પાકી તાલકે અથડાય છે.
લોહી વહી જાય છે, પંડિત ચાલ્યા જાય છે...
આકાશે એરોપ્લેન ઉડે પંડિત જોવા જાય છે.
આજુ-બાજું ફાંફા મારે ગધેડે અથડાય છે .
નીચે પડી જાય છે, પંડિત ચાલ્યા જાય છે.
જૂનાં વરસને વિદાય દેતાં, પંડિત આપે આશીર્વાદ ,
નવાં વરસે લીલાં-લહેર પંડિત ચાલ્યા જાય છે. (૨)..

# ચકીબેન ચકીબેન ..

ચકીબેન ચકીબેન મારી સાથે રમવાં
આવશો કે નહી , આવશો કે નહી ?

બેસવાંને પાટલો , સૂવાને ખાટલો ,
ઓઢવાને પીંછાં આપીશ તને , આપીશ તને ..
ચકીબેન ચકીબેન ......

પહેરવાને સાડી , મોરપીંછાં વાળી ,
ધમ્મરિયો ઘાઘરો આપીશ તને , આપીશ તને ..
ચકીબેન ચકીબેન .....

ચકચક કરજે , ચીં ચીં કરજે ,
ચણવાને દાણા , આપીશ તને , આપીશ તને .
ચકીબેન ચકીબેન ......

બા નહી આવે , બાપુ નહી આવે ,
નાનોબાબો તને ઝાલશે નહી , ઝાલશે નહી ..
ચકીબેન ચકીબેન .......

ગુડિયા મંગવા દે ...

મમ્મી મુઝે છોટી-સી ગુડિયા મંગવા દે (૨)

ગુડિયા સે ખેલુંગી ..

મમ્મી મુઝે છોટા-સાં ટોપા મંગવા દે ,

ગુડિયા સે ખેલુંગી ..ટોપા મેં પહેનુંગી ..

મમ્મી મુઝે છોટા-સાં ઢોલક મંગવા દે

ગુડિયા સે ખેલુંગી, ટોપા મેં પહેનુંગી, ઢોલક બજાઉંગી ,

મમ્મી મુઝે છોટી-સી બંસરી મંગવા દે ,

ગુડિયા સે ખેલુંગી, ટોપા મૈં પહેનુંગી,ઢોલક બજાઉંગી, બંસરી સે ગાઉંગી,

મમ્મી મુઝે છોટા-સાં ઘોડા મંગવા દે ,

ગુડિયા સે ખેલુંગી, ટોપા મૈં પહેનુંગી ,ઢોલક બજાઉંગી, બંસરીસે ગાઉંગી,

ઘોડે પે બેઠુંગી ,

મમ્મી મુઝે છોટી-સી બંધૂક મંગવા દે ,

ગુડિયાસે ખેલુંગી, ટોપામૈં પહેનુંગી , ઢોલક બજાઉંગી, બંસરીસે ગાઉંગી,

ઘોડે પે બૈઠુંગી, બંદૂક ચલાઉંગી ,

મમ્મી મુઝે છોટી–સી ગુડિયા મંગવા દે ... (૨)

## સામે કાંઠે વેલડાં

સામે કાંઠે વેલડાં આવ્યાંને આવતાં દીઠ્યાં ના એકજી.

વેલડાંનો હાંકનાર નાનો નાહુલીયો નાનો ના એકજી..

સામે કાંઠે વેલડાં આવ્યાંને...

ઘડીક ઉભલાં લ્યો'તો હું કડલાં પે'રુ પીયરનાં,

કડલાંનો ઘડનાર નાનો નાહુલીયો નાનો ના એકજી..

સામે કાંઠે વેલડાં આવ્યાંને.....

ઘડીક ઉભલાં લ્યો'તો હું હારલો પે'રું પીયરનો,

હારલાંનો ઘડનાર નાનો નાહુલીયો નાનો ના એકજી..

સામે કાંઠે વેલડાં આવ્યાંને.....

ઘડીક ઉભલાં લ્યો'તો હું ઝાંઝરી પહેરું પીયરની

ઝાંઝરીનો ઘડનાર નાનો નાહુલીયો નાનો ના એકજી.

સામે કાંઠે વેલડાં આવ્યાંને.....

હું ને પોપટલાલ .....

ટીણી ટીણી .... ટી.ટી.ટી.ટી.....(2)

હું ને પોપટલાલ ચાલતાં –ચાલતાં .. વનવગડામાં ગ્યાતાં .

ટીણી ટીણી ...ટી ટી ટી ...

ઝાડ પણ જોયાં , તાડ પણ જોયાં ,

જોયાં મેં છોડવાયે નાનાં ... ટીણી ટીણી ટી ટી ટી...

નદીઓ પણ જોઈ , નાળા પણ જોયાં ,

જોયાં ખાબોચીયાયે નાનાં ... ટીણી ટીણી ટી ટી ટી...

વાઘ પણ જોયાં , હાથી પણ જોયાં ,

જોયાં મેં નોળિયા યે નાનાં .... ટીણી ટીણી ટી ટી ટી ...

કાગડાં પણ જોયાં , કોયલ પણ જોઈ ,

જોઈ મેં ચકલી યે નાની ... ટીણી ટીણી ટી ટી ટી...

કેરી પણ ખાધી , આંબલી પણ ખાધી ,

ખાધાં મેં બોર ખાટા- ખાટાં ... ટીણી ટીણી ટી ટી ટી...

હું ને પોપટલાલ ......

મોડી મને મેલવા હાલ

મોડી મને મેલવા હાલ મારે નેહાળે જાવું સે

એકડો પાડ્યો , બગડો પાડ્યો , તગડો હું તો ભૂલી ગ્યો..

ગોમનાં છોરાં જાય સે , મારે નેહાળે જાવું સે (2)

ચોગડો પાડ્યો ,પાંસડો પાડ્યો , છગડો મેં તો અવડો પાડ્યો.

મોડી મને મેલવા હાલ.........

ગોમનાં સીયા ભણવા હાલ્યાં , મારે નિહાળે જાવું સે (2)

સાતડો મને હારો લાગે , આઠડો જાણે કોદાળી..

મોડી મને મેલવા હાલ.......

નવડો પાડી નાઠો ઘેર એકડા હારે મીંડું મેલ (2)

એકડી મીંડીં દસ થાય , મોડી મારી ખુશ થાય..

મોડી મને મેલવા હાલ.......

અનુક્રમણિકા

| ક્રમ | અભિનયગીતનું નામ | પેજ નં | રીમાર્કસ |
|---|---|---|---|
| ૧ | કરીએ સ્વાગત પણ લાગે અધૂરાં .. | | |
| ૨ | મારા આંગણામાં આવી મોરલો રમે.. | | |
| 3 | તાલી પાડો તાલી .. | | |
| ૪ | આજ તો મારા મોટાબેન .. | | |
| ૫ | ખાતીનથી પીતીનથી ,... | | |
| ૬ | ગોળુડો ઘાટભાઈ ... | | |
| ૭ | બગલમાં બચકુંને ટાલકા માં .. | | |
| ૮ | ચકીબેન ચકીબેન ... | | |
| ૯ | પેલાં પેલાં ... | | |
| ૧૦ | આવને મારી બા .. | | |
| ૧૧ | રુમઝુમ રુમઝુમ ... | | |
| ૧૨ | મમ્મી મુઝે છોટી સી ... | | |
| ૧૩ | એક મારી ઢીંગલી ને... | | |
| ૧૪ | એક જાડો પાડો લીંબડો .. | | |
| ૧૫ | રમતાં રમતાં રે.. | | |
| ૧૬ | તમે ઓરા આવોને અહી .. | | |
| ૧૭ | પીપુડીવાળાનો પેલો તનમનીયો ... | | |
| ૧૮ | હુલુંલુલું હાલરડું... | | |
| ૧૯ | રંગીલા પતંગિયા ... | | |

| | | | |
|---|---|---|---|
| ૨૦ | નહીં જાઉં રે માં ... | | |
| ૨૧ | બેટી હું મૈં બેટી.. | | |
| ૨૨ | પેલાં ચકલીબાઈએ માળા ... | | |
| ૨૩ | પંખી બની ઊડી જઈએ .... | | |
| ૨૪ | એક સુંડલાવાળી આવી રે.. | | |
| ૨૫ | | | |
| ૨૬ | | | |
| ૨૭ | | | |
| ૨૮ | | | |
| ૨૯ | | | |
| ૩૦ | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |